GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 6
November-December: 2025

# આધુનિક ગુજરાતી બાળસાહિત્યમાં હરીશ નાયકનું સાહિત્ય અને સ્થાન

પ્રા. નરેન્દ્રકુમાર જી. નાચી

એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, ગાંધીનગર

**પ્રાસ્તાવિક :**

પ્રાચીન સમયથી જ બાળકો માટેનું સાહિત્ય સાહિત્ય પ્રસંગોપાત કયાંક કયાંક સર્જાતુ સંસ્કૃત સાહિત્યમાં પંચતંત્રની વાર્તાઓ ને હિતોપદેશની વાર્તાઓ બાળકોને માટે લખાયેલી, કેટલાંક સંસ્કૃત સુભાષિતો પણ બાળકો માટે જ લખાયેલાં જણાય છે. એમ કહેવાય છે કે “ઈસપની વાર્તાઓ” ઉપર પણ એ બધાની અસર સર્જાઈ છે.

**બાળ–સાહિત્ય અને તેનો સભાન પ્રારંભ :**

શ્રી ધીરૂભાઈ ઠાકરે અર્વાચીન ગુજરાતી સાહિત્યના વિકાસ રેખામાં પૃ૦ ૫૯૩ થી ૫૯૫ સુધી બાળ–સાહિત્યનો સરસ પરિચય આપ્યો છે. ત્યાં પ્રારંભમાં જ એમણે બાળ–સાહિત્યની વ્યાખ્યા આપતાં કહ્યું છે, ‘બાળ સાહિત્ય એટલે બાળકો માટેનું સાહિત્ય’ એ પણ અન્ય સાહિત્ય પ્રકાશિત જ શાખા હોવા છતાં એના સર્જકમાં અન્ય પ્રકારના સાહિત્ય સર્જકો કરતા જુદા જ પ્રકારની સર્જન શકિત હોય છે અન્ય સાહિત્ય પ્રકારનો ઉત્તમ સર્જક કદાચ બાલ સાહિત્યને સર્જી ન શકે એમ પણ બને. પંડિત યુગતા કવિઓની સર્જનશકિત ઉચ્ચ કોટિની હતી, છતાં એમના તરફથી કોઈ ખાસ બાળ–સાહિત્ય મળતું નથી, તેમ નર્મદ યુગના નર્મદ વગેરે કવિઓએ કોઈ ખાસ બાળ–સાહિત્ય રહ્યું નથી, જોકે નવલરામની “મારી વ્હાલી બેન છે, બહુ છોકી જો, પણ ડહાપણમાં મોટી જો” વગેરે કાવ્યોમાંથી કેટલાંક બાળ–સાહિત્યની કૃતિ જેવાં છે.

**કવિશ્રી દલપતરામ :**

કવિશ્રી દલપતરામે સૌ પ્રથમ બાળસાહિત્ય સારા જેવા પ્રમાણમાં આપ્યું, કારણ કે એમનામાં બાળસાહિત્યના સર્જકમાં હોવી જોઈતી સર્વ પ્રકારની સજ્જતા હતી, એમના વિશે શ્રી ધીરૂભાઈ ઠાકર લખે છે “બાળકોના કવિ તરીકે પણ આપણા સાહિત્યમાં દલપતરામનું સ્થાન ઘણું ઊંચું છે, બાળકોની

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 6
November-December: 2025

ઉઘડતી બુદ્ધિ અને સ્મરણશક્તિને ખીલવે અને રંજમ સાથે નિર્મળ સંસ્કાર બોધ કરે તેવા બાળમોગ્ય કાવ્યો દલપતરામ જેટલી સંખ્યામાં ભાગ્યે જ બીજા કોઈ ગુજરાતી કવિએ આપ્યાં હશે સરળ મધુર ભાષા, સુગ્રહા વિચાર, પ્રવાહી અને સુઘડ પદ્યરચના તથા શિષ્ટ અને સંસ્કારી શૈલીને બળે કરીને દલપતરામ બાળકોના ઉત્કૃષ્ઠ કવિ તરીકે અધાદ્ધ પર્યંત ગણના પામ્યા છે."

**કેટલાક અન્ય લેખકો :**

પંડિત યુગના કવિઓમાં શ્રી મણિલાલ નભુભાઈએ 'બાળ–વિલાસ' ના પાઠો શાળામાં ભણતી કન્યાઓ માટે લખ્યા હતા અને શ્રી ન્હાનાલાલે "મા ! ચાંદલિયો વહાલો" ગીત લખ્યું તે કેટલાક ન્હાના–હાના રાસ–બાળાઓને અને બાળકોને ખાસ આકર્ષતા હતા.

**ત્રિભુવન વ્યાસ :**

દલપતરામ પછી ત્રિભુવન વ્યાસે રસપૂર્ણ અને રસ્તીભર્યુ બાળ સાહિત્ય આપ્યું. જેમાં નવા ગીતો સંગ્રહમાં ટ્રેન અને સાગર , ગીરના જંગલ, સંધ્યા , વર્ષા, બપોરે વગેરે ચીજોનાં પ્રકૃતિ – ચિત્રો છે. છતાં તે બાલસુલભ શૈલીમાં રજુ થયેલા છે.

**૧૯૨૫ પછી નો વિપુલ પ્રવાહ :**

૧૯૨૫ થી પછીના વર્ષોમાં ગાંધીજીની અસરથી સાહિત્ય ઉપર થઈ અને પાંડિત્યને બદલે સરળતા અને સુબોધતાને પ્રાધાન્ય મળ્યું તેણે બાળસાહિત્યને પણ મોટું પ્રોત્સાહન આપ્યું. તદ્ઉપરાંત અંગ્રેજી કેળવણીનો વ્યાપ વધ્યો, અને રાષ્ટ્રીય ભાવના પણ જાગૃત બની તે સર્વને પરિણામે સારા જેવું બાળ–સાહિત્ય રચાયું તેમાં ઓછું – વત્તુ પ્રદાન કરનાર નીચેના કવિઓનું પ્રદાન નોંધપાત્ર છે.

**(૧) દેશળજી પરમાર :**

તેમણે 'ગલગોટા' અને ટહૌકા નામના બે બાલ – કાવ્ય – સંગ્રહો તેમજ 'ગૌરીના ગીતો' નામનો રાસસંગ્રહ આપ્યા છે.

**(૨) ચંદ્રવદન મહેતા :**

એમણે 'ઈલાકાવ્યો' નામના કાવ્યસંગ્રહમાં ભાઈ બહેનના પ્રેમનાં ઘણાં કાવ્યો છે, તેમાં ઘણા કાવ્યો છે. જેમાં ભવિષ્યવત્તા કાલે રજા છે. ગઈ છુંવ થાશે વાંચીશ વહેલા સહુ પાઠ બાકી જેવા કાવ્યો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 6
November-December: 2025

મધુર છે. તદ્‌ઉપરાંત 'ચાંદાપોળી' સંગ્રહ આપ્યા છે. વળી તેમણે 'સંતાકૂકડી' અને 'રમકડાંની દુકાન' જેવા બાળ નાટકો આપ્યા છે.

**(૩) મેઘાણી :**

ઝવેરચંદ મેઘાણીએ રાષ્ટ્રભક્તિના કાવ્યો ઉપરાંત બાળસાહિત્ય પણ આપ્યું છે. 'કિલ્લોલ' સંગ્રહમાં તેમણે બાળકાવ્યો આપ્યાં છે. તો કિશોરો માટે 'વેણી ફૂલ' 'હાલરડા' 'કંકાવટી' સંગ્રહો આપ્યા છે. તેમના 'પારેવા લ્યો' 'ચાંદરડા' 'ગલૂડિયા' 'ચારણકન્યા' 'દાદાજીના દેશમાં' કાવ્યોએ બાળકોને રસલીન બનાવ્યા છે.

**(૪) સુંદરમ્ :**

'રંગરંગ વાદળિયા' નામનો બાલભોગ્ય કાવ્યોનો સંગ્રહ આપ્યો છે.

**(૫) સ્નેહરશ્મિ શ્રી ઝીણાભાઈ દેસાઈ :**

તેમણે 'ઊજાણી', 'તરાપો' વગેરે બાળ–ભોગ્ય રચનાઓ આપી છે.

**(૬) શ્રીધરાણી :**

એમણે "પીળા પલાશ","બાળરાજા" અને "સોનપરી"નામના ત્રણ નાટકો ઉપરાંત મારે થવું છે. નાટક પણ આપ્યું છે. તેમાં 'બાળરાજા' ઉત્તમ બાળનાટક છે અને 'ફોરાં' સંગ્રહ આપ્યો છે.

**(૭) હંસા મહેતા :**

'બાળવાર્તાવલી', 'ગોળીબારની મુસાફરી','અલકાનો અદ્‌ભુત પ્રયાસ','બાવલાંના પરાક્રમો' નામે બાળભોગ્ય સાહિત્ય આપ્યું.

**(૮) મકરંદ દવે :**

'ઝબુક વીજળી ઝબુક' રમણલાલ સોનીએ 'ગલગલિયા' અને રમણીક અગલવાળાએ 'નગીનાવાડી' આપ્યા છે.

(૯) તેમ જુગરામ દવેએ 'કૌશિકાખ્યાન' ચીમનલાલ પદે 'ભાઈ અને વેરી' કૃતિઓ આપી છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 6
November-December: 2025

તદુપરાંત જમુભાઈ દાણી, સોમાભાઈ ભાવસાર, પ્રીતમલાલ મજમુદાર પ્રહલાદ પારેખ વગેરે કવિઓની કેટલીક કાવ્ય કૃતિઓમાં પણ બાળસાહિત્ય જળવાય.

અનુ ગાંધીયુગના ગુજરાતી સાહિત્યમાં રાજેન્દ્ર શાહે 'મોરપીંછ' બાલમુકુંદ દવેએ 'અલક હલક' તથા 'સોનચંપો' લખ્યા છે.

આધુનિક પેઢીના રવીન્દ્ર ઠાકરે 'રૂમ્મમ જુમ્મક' રમેશ પારેખે 'ચી', સુધીર દેસાઈએ 'ગપ્પાગાડી' આપ્યા છે.

**જીવરામ જોષી :**

તેમણે આપેલી તભા ભટ્ટ અને મિયાંકુસકીની વાર્તા તો બાળકોમાં ખુબ જ રસપૂર્વક વંચાય છે.

હરી પ્રસાદ વ્યાસ, દિનેશ ઠાકોર અને સોમાભાઈ પટેલે પણ ઘણું બાળ સાહિત્ય પીરસ્યું છે.

કેટલાક સાહિત્યકારોએ વિશિષ્ટ પ્રકારનું બાળસાહિત્ય આપ્યું છે. તેમાં મુકુલભાઈ કલાર્થી તથા ગોપાલદાસ પટેલે પ્રાચીન શીલ કથાઓ અને બોધક વાર્તાઓ લખી છે. વિજયગુપ્ત મૌર્ય, નરસિંહ મ્. શાહ અને બંસીધર ગાંધીને વિજ્ઞાનનો પરીચય કરાવતી બાળભોગ્ય પુસ્તિકાઓ આપી છે.

મૂળ શંકર મો. ભટ્ટે જુલે વર્નની કૃતિઓ ઉપરથી 'પાતાળ પ્રવેશ' સાગર સમ્રાટ વિગેરે રસિક સાહસ કથાઓ આપી તેમ મહેન્દ્ર મેઘાણીએ પણ પરદેશી ભાષાઓમાંથી જંગલ કથાઓ – સાગર કથાઓ આપી.

**હરીશ નાયકનું સાહિત્ય :**

પદ્મશ્રી હરેશ નાયકે 'મેઘધનુષ કથામાળી ','વિરાટ વૈજ્ઞાનિકો', 'મેઘધનુષ કથામાળા', 'પરાક્રમ ગ્રંથમાળા' જેવી બાળસાહિત્યના પુસ્તકોમાં તેમનું ચિરસ્મરણીય સાહિત્ય જોવા મળે છે, તેમની કથામાળાની વાર્તાઓમાં બાળકો સમજી શકે તેવી સરળ શૈલીમાં બોધપ્રધાનતા જોવા મળે છે, એક એક વાર્તામાં બાળકોની પ્રતિભાવંત શૈલી જોવા મળે છે. તેમના આ ગ્રંથોમાં ચિત્રાવલી પણ રસપ્રદ અને આંખોને ગમીજાય તેવી જીવંત અને તાદ્દશ જોવા મળે છે. તેમની વાર્તાઓ અને કવિઓમાં બાળસહજ રમૂજ વૃત્તિએ આકર્ષણનું કેન્દ્ર છે. તેમને આપેલા ચરિત્રો એક પછી ચિત્રપટની જેમ રજૂ થયેલા છે તે તેમની વિશેષતા છે. જયારે બાળસહજ ભાવને લઈને લેખન કાર્ય કરતા તેમને બાળકોની વૃત્તિ, ચેષ્ટાઓ,

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 6
November-December: 2025

બાળકોની માનસિકતા તેમજ બાળમાનસપટને તેમના સાહિત્યમાં વધુ સહજ અને સરળ બનાવવા માટેનો પ્રયત્ન કર્યો છે, તેમની કવિતાઓ પણ બાળકોને રમૂજલક્ષી જોવા મળે છે. બાળકોને કેવા પ્રકારના ભાવો વધુ ગમે છે. તે તેમને આત્મસાત કરેલા છે. બાળમનોવૃત્તિ અને બાળ સહજ સ્વભાવ એ તેમના સાહિત્યનો મુખ્ય વિષય બનેલો જોવા મળે છે.

**ઉપસંહાર :** આમ ગુજરાતી સાહિત્માં હરીશ નાયકનું સ્થાન આધુનિક સાહિત્યમાં ચિર સ્મરણીય રહેશે.

**સંદર્ભ સૂચી:**

1.પાઠક, રામનારાયણ (૨૦૦૧), બાલશિક્ષણ પ્રણેતા ગિજુભાઈ, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ
૨.ત્રિવેદી,રમેશ (૨૦૦૪),અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ,આદર્શ પ્રકાશન,અમદાવાદ
3.ભાદ્રેસરિયા,ડી.એમ.(૨૦૨૦),આધુનિક ગુજરાતી બાળ સાહિત્ય,ગ્રુ.પુસ્તકાલય,અમદાવાદ.